જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૨/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૪/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૫/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૨૬/૧૯

**વસ્ત્રાપુરઃ** વિનોદભાઇ દિવાકરણ (રહે. આઇ.આઇ.એમ. ઓલ્ડ કેમ્પસ અંધજન મંડળની બાજુમા વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૨/૧૯ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર તળાવ શહિદ ચોક એસ.બી.આઇ. બેંકના એ.ટી.એમ.ખાતે બે અજાણ્યા પુરૂષોએ વિનોદભાઈને વિશ્વાસમાં લઇ, વિનોદભાઈ પાસેનુ તેમની સાસુનુ એ.ટી.એમ.કાર્ડ લઇ યુક્તિ-પ્રયુક્તિ કરી વિનોદભાઈને બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી, એ.ટી.એમ.કાર્ડ માંથી રૂપિયા ૩૯,૦૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કુશવંતસિંહ સબુરસિંહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** મનોજભાઈ રમેશચંન્દ્ર ગુપ્તા (રહે.એપલ ગુડવીલા સુરભવાટીકા પાસે બોપલ) એ તા.૧૯/૨/૧૯ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દિલિપભાઈ દોલતરામ મુર્જાની (૨) ગીરીશ ઉર્ફે સોનુ દોલતરામ મુર્જાની (૩) મુકેશભાઈ દોલતરામ મુર્જાની (ઓફીસઃ કનૈયા ચેમ્બર્ચ ઠક્કરબાપાનગર બાપુનગર) (રહે.પાર્વતીનગર હિન્દી સ્કુલ પાસે ઠક્કરબાપાનગર) એ ભેગામળી નુતન ક્લોથ માર્કેટ- ન્યુ ક્લોથ માર્કેટ ખાતે મનોજભાઈ ગુપ્તા પાસેથી કાપડ કિમત રૂપિયા ૨૫,૦૬,૫૨૯/- ખરીદી કરી નાણા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એસ.મોદી ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સિટીઃ** બીરજુભાઇ અતુલભાઇ જાદવાણી (રહે. સુકિર્તી ગાર્ડન ફ્લેટ એચ.બી.કાપડીયા સ્કુલની બાજુમાં રામદેવનગર સેટેલાઇટ) એ તા.૧૯/૨/૧૯ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૩/૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પોપટભાઇ નગાભાઇ ભરવાડ (૨) સુરેશભાઇ પોપટભાઇ ભરવાડ (૩) વિજયભાઇ પોપટભાઇ ભરવાડ (ત્રણેય રહે. ગામ-તારાપુર તા-તારાપુર જી-આણંદ અને (૪) તોગાભાઇ રુખાભાઇ ભરવાડ (રહે. ગાયત્રીનગર, લાલબાગની બાજુમાં ખંભાત તા-ખંભાત જી-આણંદ) એ ભેગા મળી નવરંગપુરા દુકાન ગુલબાઇ ટેકરા જાહનવી રેસ્ટોરંન્ટની સામે સ્કાયલોન ટાવરમા દુકાન નં-૨ પરમાર ધ ટેલર શોપ ખાતેથી લોનના કામે સાક્ષી તરીકે સહીઓ કરી કુલ રૂપિયા ૩,૧૮,૦૦,૦૦૦/- લોન મેળવી બાકીની કુલ રૂપિયા ૧,૮૨,૦૦,૦૦૦/- નહી ભરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**<u>લુંટ :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૭/૧૯</u>**

**શહેરકોટડાઃ** દિનેશચંદ્ર રમણલાલ ખલાસ (ઉ.વ.૬૪) (રહે. મ્યુનીસીપલ કોઠા સામે દાસ ખમણ પાસે ગોળ લીમડા ખમાસા) તા.૧૮/૨/૧૯ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પત્ની સાથે સરસપુર સુમેલ ૧૦ બીલ્ડીંગ પાસે રામકુમાર મીલનાં કંપાઉંડ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ દિનેશચંદ્રના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન નંગ-૨ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દિનેશચંદ્ર ખલાસે શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

**સરદારનગરઃ** મોહિતકુમાર અનિલભાઇ બાબાની (ઉ.વ.૧૯) (રહે.આર ગ્રીન ફ્લેટ આઇ.ટી.આઇ. પાછળ કુબેરનગર સરદારનગર) તા.૧૮/૨/૧૯ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે કુબેરનગર સી વોર્ડ પાણીની ટાંકી પાછળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મોહીતકુમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મોહિતકુમારે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે બ્રહ્મભટ્ટ ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૮/૧૯</u>**

**શહેરકોટડાઃ** અશોકભાઇ ભગુભાઇ પટેલ (રહે. સ્વાતી બંગ્લોઝ સિન્ધુભવન રોડ બોડકદેવ) એ તા.૧૯/૨/૧૯ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૨/૧૯ સાંજના ૭/૦૦ થી તા.૧૮/૨/૧૯ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમદુપુરા સફલ-૪ દુકાન નં-ડી/૨૯ ખાતે આવેલ ગોડાઉનનુ તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી ગોડાઉનમાંથી તેલના જથ્થામાથી પોસ્ટલાઇન સીંગતેલના ૧૫ લીટરના ૩૯ નંગ ડબ્બા કિમત રૂપિયા ૬૦,૬૪૫/-, મસ્તોલા સરસીયુ તેલના ૫ લીટરના ૨૪ નંગ કિમત રૂપિયા ૧૨,૩૬૦/-, મસ્તોલા સરસીયુ તેલના ૧ લીટરના ૬૧૨ નંગ કિમત રૂપિયા ૬૩,૦૩૬/-, મસ્તોલા સરસીયુ તેલના ૫૦૦ મીલી લીટરના ૭૬૮ નંગ કિમત રૂપિયા ૪૧,૪૭૨/- , મસ્તોલા સરસીયુ તેલના ૨૦૦ મીલી લીટરના ૩૦૦ નંગ કિમત રૂપિયા ૮૪૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૮૫,૯૧૩/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

**ખાડીયાઃ** ધ્રુવ ઉપેન્દ્રભાઇ કીરી (રહે.ભદવા પોળ ધોડાગાડીના ડેલા સામે રાયપુર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૨/૧૯ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૦૨/૧૯ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી જરૂરી દસ્તાવેઝ તેમજ મોબાઈલ ફ્રોન નંગ-૩ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એ.ભરગા ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૩૨૯/૧૯</u>

**સોલા હાઈકોર્ટઃ** વિજયભાઈ રમસિંગભાઈ પુરોહીત (રહે. વિભાગ-૧ પારસનગર નારાયણપુરા) એ તા.૧૭/૨/૧૯ રાતના ૯/૦૦ વાગે ઘાટલોડીયા શયોના પુષ્પ ફ્લેટ જનતાનગર રેલ્વે ક્રોસીંગની બાજુમા પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૦૧ બીવાય ૭૬૦૦ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૨/૧૯ રાતના ૨/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વિજયભાઈ પુરોહિતે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૩૩૦/૧૯</u>

**નારોલઃ** રાધીકાબહેન વા/ઓ રામકુમાર અનુરાગી (ઉ.વ.૨૧) (રહે.જયોતિનગર અંબુજા ફેકટરી સામે ધર્મભુમી બંગ્લોઝ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૨/૧૯ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.